http://www.rtmnuonline.com

NRT/KS/19/2041

**Bachelor of Science (B.Sc.) Semester II Examination**
**GUJARATI**
**(Other Compulsory Language)**
**Paper - 2**

Time : Three Hours] [Maximum Marks : 60

૧. કોઈપણ **એક** વિષય પર નિબંધ લખો :- 12

(૧) જો હું વડાપ્રધાન હોઉ તો....

(૨) મારી કલ્પનાની દુનિયા

(૩) એક ફૂલની આત્મકથા

(૪) ઝીર્ણ-શીર્ણ કિલ્લાની આત્મકથા.

૨. (અ) 'ગુલાબદાસ બ્રોકર'ના વ્યક્તિચિત્રને 'વિનોદ ભટ્ટની નજરે' આલેખો. 6

(બ) 'આપની યાદી' ગઝલ 'કલાપીના કાવ્ય કલાપ'ને આધારે તમારા શબ્દોમાં લખો. 6

૩. (અ) કોઈપણ **બે** ટૂંકનોંધ લખો :- 6

(૧) કલાપીના સૌંદર્ય વિશેના વિચારો

(૨) કલાપીની કવિતાના વિષયો

(૩) કલાપીનો પ્રકૃતિ પ્રેમ

(૪) કવિ કલાપીની તમને ગમતી ગઝલ.

(બ) ગદ્યખંડનું વિવરણ કરો :- 6

લીમડો સ્વાદમાં અતિશય કડવો હોય છે, છતાં એ કડવા લીમડાના વૃક્ષનો છાંયડો ખૂબ શીતળ હોય છે. ઉનાળાના અસ ા તાપમાં માણસને લીમડાની છાયામાં અદ્‌ભુત શીતળતાનો અનુભવ થાય છે. તેવી જ રીતે સંજોગવશાત્ આપણો ભાઈ આપણી સાથે ન બોલતો હોય તોય શું ? ભાઈ અને આપણી વચ્ચે દેખીતી રીતે સંબંધો તૂટી ગયા હોય એવું બને. આમ છતાં લોહીના સંબંધ સંપૂર્ણપણે નષ્ટ થઈ જતા નથી. અણીને વખતે અબોલડો બાંધવ જ મદદ કરવા આવે છે, પારકા તો તીરે ઊભા રહીને તમાશો જ જુએ છે. જે અંતરનું સગું હોય તેનું જ પેટ બળે છે. માબાપ ઘણી વાર બાળકોને મારે છે કે ઠપકો આપે છે, પણ એ પાછળ એમનો ઉદ્દેશ શુભ જ હોય છે ! દવા કડવી હોય તોય હિતકારી હોય છે ! કવિ સુંદરયે યથાર્થ જ ગાયું છે :

http://www.rtmnuonline.com http://www.rtmnuonline.com

૪. (અ) ટૂંકમાં જવાબ લખો :- 6

(૧) કવિ કલાપીએ કયાં અને કઈ કૉલેજમાં શિક્ષણ લીધું હતું ?

(૨) કલાપી કયા કાર્યને પોતાના સ્વભાવનું કાર્ય ગણે છે ?

(૩) કલાપીના કોઈપણ બે વિશેષતાઓ લખો.

(૪) નિરંજનની માતાએ ગ્રાઈપવૉટરની જગ્યાએ શું વાપરયું હશે ?

(૫) 'એ રીતે' તકિયા કલામ કોનો હતો ?

(૬) 'વિનોદની નજરે' પુસ્તકના લેખકનું નામ લખો.

(બ) ગુજરાતીમાં અનુવાદ કરો :- 6

Advertisements like 'Swaccha Bharat Abhiyan or Atulya Bharat' or nowadays in recent ''Odd and Even formula in Delhi.'' Got ads like this is a boon in era of advertisements. Creating awareness, knowledge and information are basic tools and features of advertisements but now-a-days it's become a platform to earn profit only.

Well according to me advertisements are good but as we all know every one can have two sides; thus according to me, I find positive impacts quite less and negative impacts are rising.

૫. (અ) તમારી મનગમતી **ત્રણ** કહેવતો લખો :- 3

(બ) યોગ્ય વિકલ્પ ચૂંટી વાક્ય ફરીથી લખો :- 3

(૧) કવિ કલાપી ઓળખાય છે....

(૧) યુવાનોના કવિ (૨) પુષ્પોના કવિ (૩) ઊર્મિઓના કવિ

(૨) નિરંજનની અટક છે....

(૧) દવે (૨) ભગત (૩) ભટ્ટ

(૩) 'જોશી' અટક છે....

(૧) વિનોદની (૨) જ્યોતિન્દ્રની (૩) ઉમાશંકરની

(ક) તમારા ભાઈને એડમિશન જોઈએ છે - કૉલેજના પ્રાચાર્યને વિનંતીભર્યો પત્ર લખો. 3

(ડ) તમારા મહાવિદ્યાલયમાં થયેલ 'વાદ-વિવાદ સ્પર્ધા'નો અહેવાલ લખો. 3



http://www.rtmnuonline.com